# શિક્ષક મિત્રો..... પગાર વધ્યો, હવે જ્ઞાન વધારીએ

સરકારે પોતાના કર્મચારીઓનો પગાર વધાર્યો. કેમ? કારણ કે મોંઘવારી વધે તેમ સરકાર પગાર પણ વધારે છે. જેથી તેના કર્મચારીઓ યોગ્ય અને સારી રીતે જીવનનિર્વાહ કરી શકે. અહીં મોંઘવારી વધવાથી સરકારે પગાર વધાર્યો, તો મિત્રો એક બીજી બાબત પણ વિચારીએ. આજની અતિઆધુનિક દુનિયામાં જ્ઞાન કૂદકેને ભૂસકે દર સેકન્ડે વધતું જ જાય છે. જેની અસર આજનો વિદ્યાર્થી ઝીલે છે. તેમ જોતાં આજના વિદ્યાર્થીના માનસનો ખુબ જ ઝડપથી વિકાસ થતો રહે છે. આવા અતિજ્ઞાની વિદ્યાર્થીની સામે ઊભા રહેવા માટે જોઇતું તમામ પ્રકારનું જ્ઞાન આપણામાં છે? તો મિત્રો, સરકારે જેમ તેની ફરજ બજાવી તેમ આપણે પણ આપણી ફરજ બજાવવી જોઇએ. આ સદીમાં અજ્ઞાની, આંધળો અને અબોલો સમાન જ રહેશે. કૂદકેને ભૂસકે આગળ વધતી આ સદીમાં આપણે ગોકળગાયની ગતિથી ચાલીશું તો કયાંય ધકેલાઇ જઇશું-પિસાઇ જઇશું. જેની કોઇ નોંધ પણ નહીં લે. બાળકોમાં જ્ઞાનરૂપી સંસ્કારનું સિંચન કરતા, જ્ઞાનનો પાયો ચણતા શિક્ષકો જો બાળકોની ભૂખ પૂરી નહીં કરે તો તેવા શિક્ષકોને આજના કે આવતીકાલના સમાજ, સરકાર કે વિદ્યાર્થી સ્વીકારશે નહીં.

આજે વર્ગખંડમાં આવતો વિદ્યાર્થી ખોખલો નથી. તેની પાસે તેના ઘરની જ નહીં દુનિયાભરની માહિતી હોય છે. તેના ત્રણ ઓરડાના ઘરમાં ત્રણ લોક આકાશ-પાતાળ અને પૃથ્વીને લાવી શકે તેવા સાધનો ટી.વી. અને કમ્પયૂટર તેની પાસે છે. તેના રસરૂચિને પોષક અનેક ટીવી. ચેનલો જ્ઞાનનો ખજાનો ચોવીસે કલાક ઓકતી રહે છે, તો વળી તેના મનમાં ઊભા થયેલા પ્રશ્નનો જવાબ કે તેને જોઇતી માહિતી ક્ષણવારમાં જ અનેક સ્વરૂપે હાજર કરતું ઇન્ટરનેટ પણ તેની પાસે છે. ઇન્ટરનેટની સગવડ ન ધરાવતા બાળકો પણ તેમના રસને સંતોષવા સમાચારપત્રો અને સામાયિકોનો ઉપયોગ કરે છે. માટે તો દરેક સમાચારપત્રોએ તેમના માટે અલાયદી પૂર્તિ બહાર પાડવી પડે છે. આ વાતાવરણ વચ્ચે રહેતું બાળક જ્ઞાનનો સાગર જ નહીં મહાસાગર બનતો જાય છે. મિત્રો સાથે ચર્ચા કરતો બાળક પોતાના અનુભવોને વધારે વિસ્તૃત કરતો જાય છે. જ્ઞાનની ભૂખ સંતોષવા માટે તેની પાસે અનેકાનેક સસ્તા રસ્તાઓ છે. આમ છતાં જ્ઞાનની ભૂખ સંતોષવા માટે તે પ્રથમ પસંદગી શિક્ષક પર જ ઉતારે છે..... જેમાં આજના ઘણાં શિક્ષકો ઊણા ઉતરતા જોવા મળે છે. પરિણામે ગઇકાલ સુધી શિક્ષકને જ્ઞાનનો સ્રોત માનનાર વિદ્યાર્થી આજે શિક્ષક પર શંકા સેવતો થઇ ગયો છે. ગઇકાલ સુધી શિક્ષક જે કહે તેને બ્રહ્મવાક્ય માનનારો વિદ્યાર્થી આજે ઘેર જઇને કે મિત્રો પાસે શિક્ષકના સાચાપણાની કસોટી કરતો થઇ ગયો છે. આવું કેમ?

તમારી પાસે તો માત્ર તમારા જ વિષયનું જ્ઞાન છે, પરંતુ વિદ્યાર્થી પાસે તો શાળામાં શીખવાતા તમામ વિષયો ઉપરાંત તેને રસના કેટલાંક વિષયોનું પણ જ્ઞાન હોય છે. તો વધારે જ્ઞાની કોણ? આજે વર્ગખંડમાં ઘણીવાર સાંભળવા કે જોવા મળે છે કે, ગણિતના શિક્ષક પાસે ભાષાનું જ્ઞાન ઓછું હોય તો વળી ભાષાના શિક્ષક પાસે વિજ્ઞાનનું જ્ઞાન ઓછું હોય. તમે કયા વિષયના શિક્ષક છો તેમાં

વિદ્યાર્થીને રસ નથી, પરંતુ તમે કેટલું આપી શકો છો તેમાં જ તેમને રસ છે. આવા સંજોગોમાં વધુ વિષયોમાં વધુ જ્ઞાન ધરાવતો વિદ્યાર્થી આજે પણ શિક્ષકોને માનમોભો આપીને વિશ્વાસ રાખે છે તે શિક્ષકોનું સદ્‌ભાગ્ય ગણી શકાય. પ્રખરતાશોધ કે ક્વીઝ કમ્પીટીશનમાં વિદ્યાર્થીની સાથે શિક્ષકોને બેસાડવામાં આવે તો?

આજના વિદ્યાર્થીને પુસ્તકીયા જ્ઞાનથી સંતોષ નથી. તેને જો માત્ર એટલું જ જોઇતું હોત તો તે ઘેર બેસીને પણ મેળવી શક્યો હોત. પણ કાશ આ બાબત બધા શિક્ષકો સમજ્યા હોત તો? આવા સંજોગોમાં વિદ્યાર્થીઓને જોઇતી માહિતી આપણે આપી શકીએ છીએ? એક જ વર્ગમાં બેસતાં બધા જ વિદ્યાથીની પસંદગી અને રસના ક્ષેત્ર જુદાં જુદાં. આ બધા જ વિદ્યાર્થીઓ અને વાલીની અપેક્ષા શિક્ષક પાસે હોય જ છે. તો શું આજે તે સંતોષાય છે ખરી? બધા જ વિદ્યાર્થીના જ્ઞાનના સરવાળા કરતાં શિક્ષકના જ્ઞાનનું પલ્લું નમેલું જ રહેવું જોઇએ. શું તે છે?

તો મિત્રો, બીજાને માટે નહીં પણ આપણી પોતાની પ્રતિષ્ઠા માટે, આપણા પોતાના મોભા માટે, વિદ્યાર્થીઓ વર્ગમાંથી કાઢી મૂકે નહી તે માટે પણ જ્ઞાન હોવું તે અતિઆવશ્યક બાબત બની ગઇ છે. જો વિદ્યાર્થીને જોઇતું અને ભાવતું નહીં આપો તો કાલે ઊઠીને તે સરકાર, સંચાલક કે આચાર્યને ફરિયાદ કરતાં પણ નહીં અચકાય કે આમારા આ શિક્ષક કરતાં અમે વધું જાણીએ છીએ. અમારે આ શિક્ષક નથી જોઇતા. જેથી આજના અને આવતી કાલના શિક્ષકે ઊંડું વાંચન અને શૈક્ષણિક ચર્ચાઓ કરવાં પડશે. ટી.વી.માં ફરજિયાત પણે જુદી જુદી ચેનલ જોવી જ પડશે. તમને ના પસંદ હોય તો પણ. કમ્પ્યૂટર શીખીને ઇન્ટરનેટ પર ચેટિંગ અને સર્ફિંગ કરવું પડશે. વર્ગખંડમાં પ્રોજેક્ટનો આગ્રહ રાખતા તમારે પણ શૈક્ષણિક કેટલાંક પ્રોજેક્ટ કરવાં પડશે. વિદ્યાર્થી પાસે ગૃહકાર્યનો આગ્રહ રાખતાં તમારે પણ નિયમિત પણે ગૃહકાર્ય કરવું જ પડશે. એકવાર વર્ગખંડમાં વિદ્યાર્થીને ખબર ના પડે તેમ નાનું સરખું સંશોધન કરીને તમે જ તમારી જાતને મૂલવી શકો છો. વર્ગમાં જઇને વિદ્યાર્થીઓને કહો કે તમારે તમારા વર્ગને કોઇપણ એક પ્રશ્ન પૂછવાનો છે. ગમે તે ક્ષેત્રનો પ્રશ્ન હશે તો પણ ચાલશે. ત્યારબાદ જૂઓ કે તે પ્રશ્નનો જવાબ તમને આવડે છે? અન્ય કેટલા વિદ્યાર્થીને આવડે છે? તમે કેટલી દવાના નામ જાણો છો તેની નોંધ કરો અને વર્ગમાં જઇને વિદ્યાર્થીઓને પૂછો. તરત જ ખ્યાલ આવશે કે આપણે ક્યાં છીએ? આ સમસ્યા ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં વિશેષ જોવા મળે છે. માટે શહેરી વિસ્તારના શિક્ષકોએ ઝડપથી સાવધાન બની જવાની જરૂર છે. આ વિધાનનો એવો અર્થ નહિ જ કરીએ કે ગ્રામ્ય વિસ્તારમાં આ સમસ્યા નથી. ત્યાંપણ છે. પરંતુ શહેરી વાતાવરણ અને સગવડતાને કારણે તેની અસર સ્પષ્ટ અને ઝડપથી દેખાઇ આવે છે. આજનો વિદ્યાર્થી ઘેરથી અને રસ્તામાંથી એટલું બધું જ્ઞાનરૂપી ભાથું લઇને આવે છે કે તેને શિક્ષક દ્વારા અપાતું જ્ઞાન ઓછું, ઉપરછલ્લું અને રસહિન લાગે છે. માટે જ શિક્ષકમિત્રો જાગો....ઊઠો અને જ્ઞાન પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. સરકારે પગાર વધારીને તેની ફરજ પૂરી કરી, હવે આપણે જ્ઞાન વધારીને તેને વર્ગખંડમાં સારામાં સારી રીતે પીરસીએ એ જ સૌની અભ્યર્થના હોય.